www.westerntimes.co.in | અમદાવાદ, ગાંધીનગર તથા અંગ્રેજી આવૃત્તિ સહિત પ્રગટ થતું દૈનિક | પાના - ૮ * કિંમત : ૨ રૂપિયા | gujarati@westerntimes.co.in

ગાંધીનગર
# વેસ્ટર્ન ટાઈમ્સ
WESTERN TIMES

સ્થાપક તંત્રી : સ્વ. રામુ પટેલ
તંત્રી : નિકુંજ પટેલ

RNI Reg. No. GujGuj/1997/252
Reg. No. G-GNR-319
Valid upto 31-12-2020
Posting at RMS Ahmedabad

VOL : 23 * NO. 192 શુક્રવાર તા.૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૯ ★ 13/9/2019 Gandhinagar ★ સંવત- ૨૦૭૫, ભાદરવા સુદ-૧૪

Printed & Published by **Nikunj R. Patel** on behalf of **Western Times Publications Pvt. Ltd.** Printed at **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj-Thol Road, Shilaj, Ahmedabad and **Published at** Gandhinagar Western Times, Akhbar Bhavan, Plot No. 233, Sector-11, Gandhinagar-382011. (Gujarat). **Editor :** Nikunj R. Patel **ફોન :** ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, **જાહેરાત :** ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧ **ફેક્સ :** ૦૭૯-૨૬૪૦૨૮૮૨

## આ માત્ર ટ્રેલર છે પિક્ચર હજુ બાકી છે : મોદી

# પ્રજાને લૂંટનારા યોગ્ય જગ્યા પર પહોંચી ગયા : નરેન્દ્ર મોદી

**આદિવાસી બાળકો માટે દેશભરમાં ૪૬૨ એકલવ્ય સ્કુલ શરૂ કરવાનું કામ જારી : ઉત્તરાખંડના રાંચીમાં કોંગ્રેસ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તીવ્ર પ્રહારો**

**(સંપૂર્ણ સમાચાર સેવા) રાંચી,**

ઝારખંડ વિધાનસભા ચૂંટણી પહેલા પાટનગર રાંચી પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષી કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસનું નામ લીધા વગર કહ્યું હતું કે, જનતાને લૂંટનારાઓને યોગ્ય જગ્યાએ પહોંચાડવાનું કામ ચાલી રહ્યું છે. કેટલાક લોકો જેલમાં પણ પહોંચી ગયા છે. કેટલાક લોકોએ વિચારી લીધું છે કે, તે દેશના કાનૂન અને અદાલતોથી ઉપર છે. તે આજે કોર્ટથી જામીન મેળવવાની તરકીબો લગાવી રહ્યા છે. હજુ તો આ શરૂઆત છે પાંચ વર્ષ બાકી છે. હજુ તો આ ટ્રેલર છે.

પ્રભાતતારા મેદાનમાં આયોજિત યોજનાઓના ઉદ્‌ઘાટન સમારોહમાં પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, હજુ તો ખુબ જ સંકલ્પ બાકી છે. બહુ પરિશ્રમ પણ બાકી છે. પહેલી વખત એવુ બન્યું છે કે, સંસદ સૌથી વધુ સમય સુધી ચાલી છે. સંસદના કામકાજનો શ્રેય તમામ સાંસદો, તમામ રાજનીતિક પાર્ટીઓ અને તેમના નેતાઓને જાય છે. તમામ સાંસદો અને દેશવાસીઓને આભાર માનું છું. પીએમ મોદીએ કહ્યું હતું કે, ચૂંટણી સમયે અમે વચન આપ્યું હતું કે, લોકોને કામદાર અને દમદાર સરકાર આપીશું. એક એવી સરકાર જે પહેલાથી વધુ ઝડપથી કામ કરશે. એક એવી સરકાર જે તમામ અપેક્ષાઓને પૂરી કરવામાં સંપૂર્ણ તાકાત લગાવી દેશે. વિતેલા ૧૦૦ દિવસમાં દેશે આનું ટ્રેલર બતાવી દીધું છે.

આતંકવાદ સામે નિર્ણાયક લડત લડવાનો અમારો સંકલ્પ છે. આ જોતા જ પ્રથમ ૧૦૦ દિવસમાં આતંકવાદ વિરોધી કાનૂનને વધુ મજબૂત કરવામાં આવી ચુક્યો છે. વડાપ્રધાને કહ્યું હતું કે, આદિવાસી બાળકો માટે દેશભરમાં ૪૬૨ એકલવ્ય સ્કુલ ખોલવામાં આવી રહ્યા છે. આ સ્કુલોમાં બાળકોનું ભણવાનુ, ખેલ, સ્કિલ ડેવપલમેન્ટ, સ્થાનીય કલા અને સંસ્કૃતિના સંસ્કરણ માટે પણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. સરકાર દરેક આદિવાસી બાળકો માટે દર વર્ષે ૧ લાખ રૂપિયાથી વધુ ખર્ચ કરશે. અહીં તેમણે પહેલા તો વિધાનસભા ભવનનું ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ તેમણે વિધાનસભા ભવનની રેપ્લિકાનું પણ અવલોકન કર્યું. આ ઉપરાંત પીએમ મોદીએ રાંચીમાં ત્રણ રાષ્ટ્રીય અને બે રાજ્ય સ્તરની યોજનાઓનો શુભારંભ કર્યો.

તેમણે સાહિબગંજ મલ્ટીમોડલ ટર્મિનલ (પોર્ટ)નું પણ ઉદ્ઘાટન કર્યુ. ત્યારબાદ પીએમ મોદીએ રાંચના પ્રભાત તારા મેદાનમાં સભાને સંબોધન કર્યું. રાંચીના બિરસા મુંડા એરપોર્ટ પર રાજયપાલ દ્રોપદી મુર્મૂ અને મુખ્યમંત્રી રઘુવર દાસે તેમનું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાને કહ્યું કે ૨ ઓક્ટોબરના રોજ ગાંધીજીની ૧૫૦મી જયંતી છે. આ દિવસે આપણે પ્લાસ્ટિકના કચરાને હટાવવાનો છે. કાલથી જ દેશમાં સ્વચ્છતા જ સેવા અભિયાનની શરૂઆત થઈ ગઈ છે. આ અભિયાન હેઠળ ૨ ઓક્ટોબર સુધીમાં આપણે આપણા ઘરોમાં, શાળાઓમાં, ઓફિસોમાં સિંગલ યૂઝ પ્લાસ્ટિકને ભેગું કરવાનું છે. પ્રભાત તારા મેદાનમાં સભાને સંબોધતા વડાપ્રધાને કહ્યું કે વડાપ્રધાન આવાસ યોજનાના માધ્યમથી ૨ કરોડથી વધુ ઘરો ગરીબો માટે બનાવવામાં આવ્યાં. હવે ૨ કરોડ વધુ ઘરો માટે કામ કરવામાં આવી રહ્યું છે.



વડાપ્રધાને કહ્યું કે અમે આયુષ્યમાન ભારત યોજના હેઠળ વડાપ્રધાન જન આરોગ્ય યોજના લઈને આવ્યાં. અહીં ઝારખંડથી તેની શરૂઆત કરી. જે હેઠળ અત્યાર સુધીમાં ૪૪ લાખ ગરીબ દર્દીઓ સારવારનો લાભ લઈ ચૂક્યા છે. જેમાંથી લગભગ ૩ લાખ ઝારખંડના છે. પીએમ મોદીએ કહ્યું કે જીવન જ્યોતિ યોજના અને વડાપ્રધાન સુરક્ષા વીમા યોજના સાથે ૨૨ કરોડથી વધુ દેશવાસીઓ જોડાઈ ચૂક્યા છે. તેમાંથી ૩૦ લાખથી વધુ સાથીઓ ઝારખંડથી છે. આ સાથે જ તેમણે કહ્યું કે આ વર્ષ માર્ચથી પેન્શન યોજના દેશના કરોડો અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે ચાલી રહી છે. શ્રમયોગી માનધન યોજના જોડે અત્યાર સુધીમાં ૩૨ લાખથી વધુ શ્રમિક સાથી જોડાઈ ચૂક્યા છે. વડાપ્રધાન મોદીએ એમ પણ કહ્યું કે જે લોકોએ એમ વિચારી લીધુ હતું કે તેઓ દેશના કાયદાથી પણ ઉપર છે, દેશની અદાલતોથી પણ ઉપર છે તેઓ આજે કોર્ટ પાસે જામીનની ગુહાર લગાવી રહ્યાં છે. પીએમનો આ પ્રહાર દેશના પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમ પર હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પછી સભાને સંબોધન કરતા કહ્યું કે નવી સરકાર બન્યા બાદ મને જે રાજ્યોમાં સૌથી પહેલા જવાની તક મળી, તેમાં ઝારખંડ એક છે. આ જ પ્રભાત તારા મેદાનમાં મેં હજારો લોકો સાથે યોગ કર્યા હતાં. આ મેદાનથી આયુષ્યમાન ભારત યોજના શરૂ થઈ હતી. તેમણે કહ્યું કે ઝારખંડ એ જ રાજ્ય છે જે ગરીબ અને જનજાતીય યોજનાઓનું લોન્ચિંગ પેડ છે. પીએમ મોદીએ કહ્યું કે આજે મને સાહિબગંજ મલ્ટી મોડલ ટર્મિનલનું ઉદ્ઘાટન કરવાની તક મળી. આ માત્ર એક પ્રોજેક્ટ જ નથી પરંતુ તા સમગ્ર વિસ્તારને પરિવહનનો નવો વિકલ્પ આપી રહ્યો છે.

### પૂર્વીય લડાખમાં
# ભારત-ચીનના જવાનો વચ્ચે ઝપાઝપી

**કલાકો સુધી ઝપાઝપી થયા બાદ પ્રતિનિધીસ્તરની વાતચીત થયા પછી સ્થિતી હળવી કરવા પ્રયાસો : જુદા જુદા મુદ્દા-માન્યતાને લઇને વારંવાર ઝપાઝપી**

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી,**

અંકુશ રેખા અને સરહદ પર ચીન દ્વારા તેના ઉશ્કેરણીજનક કૃત્યો જારી રાખવામાં આવ્યા છે. હવે ભારત અને ચીનના જવાનો ફરી એકવાર આમને સામને આવ્યા બાદ તેમની વચ્ચેજોરદાર ઝપાઝપી થઈ હતી. પૂર્વીય લડાખમાં બંને દેશોના જવાનો આમને સામને આવી ગયા હાદ તેમની વચ્ચે કલાકો સુધી ઝપાઝપી થઈ હતી. જેના કારણે સ્થિતી વિસ્ફોટક બની હતી. જો કે ત્યારબાદ તરત જ સ્થિતીને હળવી કરવાના પ્રયાસો યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે બેઠકો યોજાઈ હતી. સુત્રોના કહેવા મુજબ ભારત અને ચીનના જવાનો વચ્ચે કલાકો સુધી આવી ઝપાઝપી ચાલી હતી. આ ઘટના ૧૩૪ કિલોમીટર લાંબા પેગોંગ સરોવરના ઉત્તરીય કિનારા પર થઈ હતી. જેના એક તૃતિયાશ હિસ્સા પર ચીન અંકુશ ધરાવે છે. જો કે ત્યારબાદ સ્થિતી ખરાબ થયા પછી બંને પક્ષો વચ્ચે પ્રતિનિધીમંડળ સ્તરની વાતચીત યોજાઈ હતી. જેથી સ્થિતી સામાન્ય બની હતી.

ભારતીય જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ જ ગાળા દરમિયાન તેમનો સામનો ચીની જવાનો સાથે થયો હતો. ચીનની પીપલ્સ લિબ્રેશન આર્મીના જવાનોએ ઉશ્કેરણીજનક કૃત્ય કર્યુ હતુ. ચીની જવાનોએ વિસ્તારમાં ભારતીય જવાનોની હાજરી સામે વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ બંને પક્ષોના જવાનો વચ્ચે ઝપાઝપી શરૂ થઈ ગઈ હતી. ઝપાઝપી અને ધક્કામુક્કી શરૂ થઈ ગયા બાદ બંને દેશોના વધારાના જવાનો સરહદ પર ગોઠવાઈ ગયા હતા. મોડી રાત સુધી સંઘર્ષની સ્થિતી રહી હતી. સેનાએ સંપર્ક કરવામાં આવતા કહ્યુ હતુ કે સ્થિતી સામાન્ય બનાવી દેવામાં આવી છે. મોડેથી તંગદીલીને ઘટાડી દેવા માટે સ્થાપિત રહેલી દ્વિપક્ષીય વ્યવસ્થા હેઠળ બંને પક્ષો વચ્ચે બ્રિગેડિયર સ્તરની વાતચીત યોજવામાં આવી હતી. જેમાં બંને દેશોના ટોપ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે લાઈન ઓફ એક્ચુઅલ કન્ટ્રોલની સ્થિતીને લઈને બંને પક્ષોની જુદી જુદી માન્યતા અને વિચારધારા રહેલી છે. આ તમામ સમસ્યાને બોર્ડર પર્સનલ મિટિંગ અને ફલેગ મિટિંગ મારફતે ઉકેલી દેવામાં આવે છે. ભારતીય સેનાએ કહ્યુ છે કે સ્થિતી બિલકુલ સામાન્ય બની ચુકી છે. સેનાના કહેવા મુજબ બંને પક્ષો વચ્ચે પ્રતિનિધીમંડળ સ્તરની વાતચીત થઈ ચુકી છે. આની સાથે જ મતભેદો પણ દુર કરી લેવામાં આવ્યા છે. ભારત અને ચીન વર્ષોથી કેટલાક સરહદી મુદ્દાને લઈને વારંવાર આમને સામને આવતા રહે છે. જો કે તેમની વચ્ચે મતભેદોને નિયમિત વાતચીત મારફતે ઉકેલી પણ લેવામાં આવે છે. ચીનના વર્તનને લઈને હમેંશા પ્રશ્નો રહે છે.

ચીન હમેંશા સરહદ પર અને ત્રાસવાદના મુદ્દા પર ખતરનાક વલણ અપનાવતુ રહ્યુ છે. તે હમેંશા ત્રાસવાદના મુદ્દા પર પણ દુનિયાના દેશોની સાથે રહેવાના બદલે પાકિસ્તાનની સાથે દેખાય છે. હાલમાં ખતરનાક ત્રાસવાદી આકા મુસદ અઝહરના મામલે પણ ચીને અયોગ્ય વલણ અપનાવ્યુ હતુ. જો કે આના કારણે ચીનની વિશ્વના દેશોમાં વ્યાપક ટિકા થઈ હતી.

# પોક ઉપર કોઈપણ સમયે પગલા લેવા તૈયાર : રાવત

**આ અંગે નિર્ણય સરકારને કરવાનો છે પરંતુ અમે નિર્દેશ આધારે કાર્યવાહી કરવા માટે તૈયાર : રાવત**

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમેઠી,**

જમ્મુ કાશ્મીરના વિશેષ દરજ્જાને ગયા મહિને નાબૂદ કરવામાં આવ્યા બાદથી પાકિસ્તાન દ્વારા ભારત વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા દુષ્પ્રચાર અને ઉશ્કેરણીજનક નિવેદનો વચ્ચે સેના પ્રમુખ જનરલ બિપિન રાવતે પ્રહાર કર્યા હતા.

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરને લઈને સેના પ્રમુખ રાવતે કહ્યું હતુ કે, સેના પીઓકેને લઈ કોઈપણ પ્રકારના અભિયાનને લઈને તૈયાર છે. તેમણે કહ્યું હતુ કે, સરકારના આદેશ પર સેના કોઈપણ કાર્યવાહી કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. પીએમઓમાં રાજયમંત્રી જિતેન્દ્રસિંહના પીઓકેને લઈને આપેલા નિવેદન અંગે બિપિન રાવતે કહ્યું હતું કે, આ અંગે નિર્ણય સરકારે કરવો છે. તેમણે કહ્યું હતું કે, અન્ય સંસ્થાઓ તો જે પ્રમાણે સરકાર કહેશે તેવી જ તૈયારીઓ કરશે. સેનાની તૈયારી અંગે પૂછવામાં આવતા બિપિન રાવતે કહ્યું હતું કે, સેના તો કોઈપણ સમયે કાર્યવાહી માટે તૈયાર જ રહે છે. જનરલ રાવતે કહ્યું હતું કે, પીઓકે અંગે સરકારના નિવેદનથી ખુબ જ ખુશ છીએ. તેમણે કહ્યું હતું કે, આ અંગે નિર્ણય સરકાર કરશે પરંતુ અમે નિર્દેશના આધારે તૈયાર છીએ. આ પહેલા રક્ષામંત્રી રાજનાથસિંહે પણ પીઓકેને લઈ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનને ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાનથી હવે કોઈપણ વાતચીત પોક અંગે કરવામાં આવશે નહીં. એટલું જ નહીં છઠ્ઠી ઓગસ્ટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ સંસદમાં ૩૭૦ પર વિપક્ષના સવાલોના જવાબ આપતા કહ્યું હતું કે, અમે જાન આપી દઈશું પરંતુ પોકને લઈને જ રહીશું. પોકને લઈને સેના પ્રમુખ જનરલ બિપિન રાવતે કહ્યું હતું કે, સરકારનો પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરને લઈ નિર્ણય કરવાનો છે. સેના કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે સુસજ્જ છે. જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદીના નિર્ણયનું આર્મી ચીફ બિપિન રાવતે સ્વાગત કર્યું હતું.

## આતંકવાદીઓ દ્વારા એફએમ ટ્રાન્સમિશનનો પણ ઉપયોગ

જમ્મુ, જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓનો સંપર્ક કરવા માટે એફએમ ટ્રાન્સમિશનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પાકિસ્તાની સેના દ્વારા આ એફએમ ટ્રાન્સમીશનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ભારતીય ગુપ્તચર એજન્સીઓ દ્વારા તાજેતરમાં જ કેટલાક એવા કોડનો ખુલાસો કર્યો છે જેનો ઉપયોગ પાકિસ્તાની સેના દ્વારા અને ત્યાંના જુદા જુદા ત્રાસવાદી જુથો દ્વારા જમ્મુ કાશ્મીરમાં સક્રિય રહેલા ત્રાસવાદીઓ સાથે સપર્ક કરવા માટે કરવામાં આવી રહ્યો છે. રાજ્યમાં હિંસા ફેલાવવા માટે ત્રાસવાદીઓ દ્વારા બનતા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કોમ્યુનિકેશન માટે કોડ વર્ડનો ઉપયોગ પાકિસ્તાનની સેના દ્વારા કરવામાં આવી રહ્યો છે. પાકિસ્તાનના રાષ્ટ્રગીત કોમી તરાનાના માધ્યમથી સંવાદ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. પાકિસ્તાન સેના મોટી સંખ્યામાં ત્રાસવાદીઓને ભારતમાં અને ખાસ કરીને જમ્મુ કાશ્મીરમાં ઘુસાડી દેવાની ખતરનાક યોજના ધરાવે છે. પાકિસ્તાન કાશ્મીરના મોરચા પર અશાંતિ ફેલવાવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ક્ષેત્રમાં હિંસા ફેલાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# હથિયારોથી સજ્જ ટ્રક અને ત્રણ આતંકવાદીની ધરપકડ

**જમ્મુ કાશ્મીરમાં મોટા ષડયંત્રનો પર્દાફાશ : ૪ એકે-૫૬, ૨ એકે-૪૭ સહિત જંગી હથિયારો જપ્ત**

**(સંપૂર્ણ સમાચાર સેવા) શ્રીનગર,**

જમ્મુ કાશ્મીરમાં લશ્કરે તોઈબાના ખૂંખાર ત્રાસવાદી આશિફને ઠાર કર્યા બાદ પોલીસને આજે ફરી મોટી સફળતા હાથ લાગી છે. પોલીસે એક મોટા આતંકવાદી ષડયંત્રનો પર્દાફાશ કરતા હથિયારો અને વિસ્ફોટક સામગ્રી લઈ જઈ રહેલા એક ટ્રકને પકડી પાડ્યો છે. સાથે સાથે જમ્મુ-કાશ્મીર સરહદ નજીક લખનપુરથી પોલીસે ત્રણ આતંકવાદીઓની પણ ધરપકડ કરી છે. આ આતંકવાદીઓ પાસેથી ૪ એકે-૫૬ અને બે એક-૪૭ પણ જપ્ત કરી હતી. માનવામાં આવી રહ્યું છે કે, આતંકવાદી ખીણમાં કોઈ મોટા હુમલા કરવાની ફિરાકમાં હતા. એસએસપી કઠુઆ શ્રીધર પાટિલે ટ્રકને પકડ્યા બાદ તેની પુષ્ટિ કરતા કહ્યું હતું કે, ધરપકડ કરાયેલા ત્રણેય આતંકવાદીના સંબંધ આતંકવાદી જૈશે મોહમ્મદ સાથે છે.

હાલમાં જ બારામુલ્લામેં સુરક્ષા દળોએ લશ્કર સાથે જોડાયેલા આઠ ઓવરગ્રાન્ડ વર્કરોની ધરપકડ કરી હતી. જમ્મુ કાશ્મીરના ડીજીપી દિલબાગ સિંહે કહ્યું હતું કે, આ આતંકવાદી પાકિસ્તાનના ઈશારે અહીં સામાન્ય લોકોને ધમકાવવા અને ખીણની શાંતિને બગાડવામાં લાગેલી છે. ગઈકાલે બુધવારે ખીણણાં લશ્કરે તોઈબાના ખૂંખાર આતંકવાદી આશિફને પણ સુરક્ષા દળોએ મોતને ઘાટ ઉતારી દીધો છે. પંજાબ-જમ્મુ કાશ્મીર બોર્ડર પર હથિયારો ભરેલી એક ટ્રક પકડાતા હડકંપ મચી ગયો છે. કઠુઆના લખનપુર બોર્ડર પર ચેકિંગ દરમિયાન આ હથિયારોની ખેપ પકડાઈ. એવું કહેવાય છે કે આ હથિયારો પંજાબથી શ્રીનગર લઈ જવામાં આવી રહ્યાં હતાં.

ટ્રકમાં કરિયાણાના સામાનની આડમાં હથિયારો જમ્મુ અને કાશ્મીર પહોંચાડવામાં આવી રહ્યાં હતાં. પોલીસે આ હથિયારો સાથે ૩ આતંકીઓની ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી ૫ એકે-૪૭ રાઈફલો જપ્ત કરી છે. જે ટ્રકમાંથી હથિયારો ઝડપાયા છે તેના પર શ્રીનગરનો નંબર લખેલો છે. આતંકવાદીઓ પાસેથી ૪.૫ લાખ રૂપિયા પણ જપ્ત કરાયા છે. પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું છે કે આ ટ્રક પંજાબના અમૃતસરથી શ્રીનગર જવા માટે રવાના થયો હતો. પંજાબ અને જમ્મુ કાશ્મીર પોલીસ આ ટ્રકમાંથી પકડાયેલા લોકોની પૂછપરછ કરી રહી છે.

# આર્થિક કટોકટીને સુધારવા નક્કર નીતિની જરૂર : રાહુલ

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવીદિલ્હી,**

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ અર્થવ્યવસ્થાની સ્થિતિ લઈને ગુરુવારે નરેન્દ્ર મોદી સરકાર પર આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, આ સ્થિતિને વ્યવસ્થિત કરવા માટે દુષ્પ્રચારની નહીં પરંતુ મહત્વપૂર્ણ નીતિની જરૂર છે. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના સાક્ષાત્કારના હવાલા અંગે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, પહેલા સરકારે સ્વીકાર કરવું જોઈએ કે, અર્થવ્યવસ્થાને લઈને ભારે સમસ્યા છે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, આ સમયે દુષ્પ્રચાર, મનઘડંત સમાચારો અને યુવાઓ અંગે મૂર્ખતાપૂર્વકની વાત કરવાની જરૂર નથી પરંતુ ભારતને એક મહત્વપૂર્ણ નીતિની જરૂર દેખાઈ રહી છે જેથી અર્થવ્યવસ્થાની સ્થિતિને યોગ્યરીતે લાવી શકાય. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, પહેલા સ્વીકાર કરો કે અમારી સામે સમસ્યા છે. આનો સ્વીકાર કરવો જ સારી શરૂઆત તરીકે રહેશે. તેમણે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના જે સાક્ષાત્કારનો હવાલો આપ્યો હતો તેમાં પૂર્વ વડાપ્રધાનને કહ્યું હતું કે, નોટબંધી અને ખોટી રીતે જીએસટી લાગૂ કરવાના કારણે અર્થવ્યવસ્થાની સમસ્યા સર્જાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આજે દેશના જીડીપી ગ્રોથમાં આવેલા ઘટાડાને લઈને મોદી સરકાર ઉપર પ્રહાર કર્યા હતા.

આર્થિક મંદી માટે સીધીરીતે મોદી સરકારને જવાબદાર ઠેરવતા મનમોહનસિંહે કહ્યું હતું કે, આ મેન મેડ ક્રાઈસીસ તરીકે છે. યોગ્ય સંચાલન નહીં થવાના લીધે આ સમસ્યાઓ ઉભી થઈ છે. ટોચના અર્થશાસ્ત્રી મનમોહનસિંહે કહ્યું હતું કે, છેલ્લા ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથરેટ પાંચ ટકા રહ્યો છે. આનાથી સમજી શકાય છે કે, દેશ લાંબા ગાળામાં મંદીના દોરમાં છે. ભારતની પાસે વધુ ઝડપથી ગ્રોથ કરવાની ક્ષમતા રહેલી છે પરંતુ મોદી સરકાર દ્વારા ચારેબાજુ ઝડપથી અયોગ્ય વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

**શ્રાધ્ધ પક્ષ નિમિત્તે સ્પે. બાસુદી**
● ઓછી ખાંડના સ્પે. કેસર પેંડા ● સ્પે. કાજુદ્રાક્ષનો ફરાળી ચેવડો ● કાજુની અવનવી આઇટમો ● સાબુદાણાનો ચેવડો ● બટાકની વેફર્સ ● દાણાદાર બરફી ● કેળાની વેફર્સ ● દૂધનો હલવો ● કાજુ કતરી ● ડ્રાઇફ્રુટ બ્રાઈટસ ● રસગુલ્લા ● રસમલાઈ
૧૦૦% શુધ્ધ ઘીની મિઠાઇઓ
જયહિંદ™ સ્વીટ્સ
માણેકચોક, ફોનઃ- ૨૨૧૪૦૭૧૪
શિવાલીક પ્લાઝા, IIM રોડ, આંબાવાડી. ફોનઃ- ૨૬૩૦૯૩૯૩
સ્ટેડીયમરોડ, નવરંગપુરા, ફોનઃ- ૨૬૪૬૮૯૮૬
Baker's Den
પ્યોર વેજીટેરીયન કેક / પેસ્ટ્રી

**પરિમલ હોસ્પિટલ**
પુનીતમાર્ગ, ઝઘડીયા બ્રિજની પાસે, મણીનગર, અમદાવાદ - 380008.
રાહત દરે સારણગાંઠ (Hernia) અને મસા (Piles) સર્જીકલ કેમ્પ
કેમ્પનો સમય : સવારે 10 થી બપોરે 1
હરસ, મસાનું ઓપરેશન ટાંકા વગરની (MIPH) સર્જરીથી કરવામાં આવશે
નિષ્ણાંત સર્જન દ્વારા
સારણગાંઠનું ઓપરેશન અતિઆધુનિક લેપ્રોસ્કોપીક પદ્ધતિથી કરવામાં આવશે
મેડીકલેમ વિમા ધારકો માટે કેશલેસ સારવાર સુવિધા ઉપલબ્ધ છે.
વધુ માહિતી માટે સંપર્ક કરો : 84600 65008, 98240 19394

**નવરાત્રીના ગરબા "પિયાનો" ને સંગ**
PIYANO® ULTIMATE SOUND
AN ISO 9001 Certified Co. Since 1948
પાવર એમ્પ્લીફાયર, ડીજીટલ ઇકો સિસ્ટમ, માઇક્રોફોન, પ્રોફેશનલ સ્પીકર, પોર્ટેબલ
આર.જે.વકીલ ની કું.
૨૯૭/૨, દેના બેંક સામે, ગાંધી રોડ, અમદાવાદ. ફોન :- ૨૨૧૧૩૮૯૪

**H.K.TRAVELS**



New Launched Luxury
ડેઈલી સર્વિસ
ઉપડવાનો સમય : બપોરે ૧.૩૦ વાગે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ
9979881489
9429893289

ગુજરાત ગર્વમેન્ટ માન્ય LTC પ્રવાસો
**જીરાવાલા® ટુરીઝમ**
PLANNING YOUR HOLIDAYS
■ સિમલા-મનાલી-ડેલહાઉસી
■ હરિદ્વાર-આગ્રા-મથુરા
■ ગોવા-મહાબળેશ્વર-લોનાવાલા
■ મ્હૈસુર-બેંગ્લોર-ઊંટી-કો. કેનાલ
■ સપ્તઃજ્યોર્તિલીંગ-દ. ભારત-રામેશ્વર-કન્યાકુમારી-તિરૂપતિ
■ નેપાળ-કાઠમંડુ-પોખરા-બનારસ
■ જગન્નાથપુરી-ચંપારણ્ય-કોલકત્તા-ગંગાસાગર
BY AIR / RAIL / BUS / INDIVIDUAL PACKAGE
Kerala-Darjiling-Nainital
Jirawala® TOURISM
"હાઈટેક બિલ્ડીંગ", મ્યુઝીયમની સામે, દિવાન બલ્લુભાઈ સ્કૂલની બાજુમાં, પાલડી, અમદાવાદ. (M) 9375777333, 94267 55909
નીકોલ (M) 9409625111, 9408777333, ગાંધીનગર (M) 9924020660

**KalaNiketan** (BOMBAYWALA)®
1944 TO 2019
PLATINUM JUBILEE SALE
'K.N. House' Nobles, Opp. Nehru Bridge, Ashram Road. Ahmedabad-9, Tel.079-26580050/51

# અમદાવાદ સહિત રાજ્યમાં ધામધૂમથી ગણેશ વિસર્જન



(તસવીર : જયેશ મોદી)



## ગણપતિ બાપ્પા મૌરયાના નારાઓ ગુંજી ઉઠયા : અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના શહેરોમાં ગણેશ વિસર્જન દરમ્યાન ગણેશભકિતનો માહોલ છવાયો

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,**

દસ દિવસના ગણેશ મહોત્સવ બાદ આજે ભારે ભકિતભાવ અને હર્ષોલ્લાસ વચ્ચે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ગણેશભકતો દ્વારા ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું. શહેરની સાબરમતી નદી, રિવરફ્રન્ટ સહિતના વિવિધ સ્થળોએ ગણેશ વિસર્જનને લઈ ગણેશભકતો સહિતના શ્રધ્ધાળુઓની ભારે ભીડ અને જનમેદનીના દ્રશ્યો સામાન્ય બન્યા હતા. ઢોલ-નગારા, ત્રાંસા અને અબીલ-ગુલાલની છોળો વચ્ચે દાદાની વિસર્જન યાત્રા કાઢવામાં આવી રહી છે. અને ભારે ભકિતભાવ સાથે ગણપતિ બાપ્પા મૌરયા, પુઢચ્યા વરસી લૌકરિયાના નારાઓ વચ્ચે દાદાની મૂર્તિઓનું વિધિવત્ વિસર્જન કરવામાં આવ્વી રહ્યુ છે.

અમદાવાદ ઉપરાંત, વડોદરા, રાજકોટ અને સુરત સહિતના શહેરોમાં પણ ભારે હર્ષોલ્લાસ અને ભકિતભાવ સાથે દાદાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવી રહ્યુ છે. મોડી રાત સુધી નદી-તળાવોના કિનારે દાદાની મૂર્તિઓના વિસર્જનની પ્રક્રિયા ચાલી હતી. દસ દિવસ સુધી પોતપોતાના વિસ્તારમાં વિશાળ પંડાલ-શામિયાણા અને મંડપોમાં પૂજા-વિધી, આરતી અને ભકિત-વંદના કર્યા બાદ આજે વહેલી સવારથી જ ગણેશભકતો પોતપોતાના વિસ્તારની અને ઘરોમાં સ્થાપિત દાદાની અનેકવિધ સ્વરૂપોવાળી અને આકર્ષક મૂર્તિઓ લઈ સરઘસાકારે ઢોલ,નગારા, ત્રાંસા અને અબીલ ગુલાલની છોળો વચ્ચે વિસર્જન માટે નીકળ્યા હતા.

નાની-મોટી ટ્રકો સહિતના વાહનોમાં લાખો શ્રધ્ધાળુઓ અને ગણેશભકતો ''ગણપતિ બાપ્પા મૌરયા, પુઢચ્યા વરસી લૌકરિયા''ના નારાઓ ઉચ્ચારતા ઉચ્ચારતાં વિસર્જન સ્થળોએ પહોંચ્યા હતા. જયાં દાદાની આરતી ઉતારી વિધિવત્ પૂજા કરી ત્યારબાદ તેમની મૂર્તિઓ પાણીમાં વિસર્જિત કરી હતી. વિસર્જન સ્થળોએ ફાયરબ્રિગડ સહિતના તૈરાક સ્ટાફ અને પોલીસની ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા તૈનાત રખાઈ હતી.

ગણેશભકતો તેમના પરિવાર સાથે, મિત્રવર્તુળ અને સગાવ્હાલા સાથે તેમ જ વિવિધ યુવકમંડળોના રૂપે વિસર્જન સ્થળોએ પહોંચ્યા હતા અને ભારે ધામધૂમપૂર્વક અને ઉત્સાહના માહોલ વચ્ચે દાદાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે.

અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત સહિતના રાજયભરના વિસર્જન સ્થળોએ ગણેશભકતોએ દાદાને ગણપતિ બાપ્પા મૌરયા, પુઢચ્યા વરસી લૌકરિયા એટલે કે, દાદા આવતા વર્ષે વહેલા પધારજો એમ કહી દાદાની મૂર્તિઓનું વિસર્જન કર્યુ હતુ ત્યારે એક તબકકે શ્રધ્ધાળુ ગણેશભકતોની આંખો ભીની થઈ ગઈ હતી ત્યારે વિસર્જન સ્થળોએ લાગણીસભર દ્રશ્યો પણ જોવા મળી રહી છે. ગણેશ વિસર્જનને લઈ અમદાવાદ સહિત રાજયભરમાં ગણેશભકિતનો માહોલ છવાયો છે.

## સુરત : ૪ કલાકમાં ત્રણ ઈંચ વરસાદ

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,**

સુરત શહેરમાં છેલ્લા ચાર દિવસથી ધીમીધારે વરસાદ વરસી રહ્યો હતો. આજે ગણેશ વિસર્જનના દિવસે વહેલી સવારથી ધોધમાર વરસાદ તૂટી પડયો હતો., જેમાં આજે બપોરે ચારથી પાંચ કલાકમાં જ ત્રણ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબકતાં સુરતના મોટાભાગના વિસ્તારોમાં ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા. ખાસ કરીને સોશિયો સર્કલ પાસે રોડ પર પાણી ભરાઈ ગયા હતો તો, ધોધમાર વરસાદના પગલે સુરતની સિવિલ હોસ્પિટલમાં પણ પાણીનો ભરાવો થઈ ગયો હતો, જેને લઈ દર્દીઓ અને સ્ટાફ કર્મચારીઓમાં ભારે ચકચાર મચી ગઈ હતી. વરસાદી પાણી ભરાતાં સિવિલ હોસ્પિટલના સ્ટાફ કર્મચારીઓ અને તંત્ર તાકીદે પાણીના નિકાલ માટે કામે લાગ્યા હતા.

ચારથી પાંચ કલાકના ધોધમાર વરસાદે સુરતના જનજીવનને જાણે પ્રભાવિત કરી દીધુ હતુ. સુરતમાં સોશિયો સર્કલ, લિંબાયત, પરવત પાટીયા સહિતના વિસ્તારોના રોડ પર પાણી ભરાઈ જતાં લોકો ભારે હાલાકીમાં મૂકાયા હતા. તો, માર્ગો પર વરસાદી પાણી ફરી વળતાં વાહનચાલકો રસ્તામાં અટવાયા હતા.

ભારે વરસાદના કારણે, સુરત સિવિલ હોસ્પિટલમાં પણ પાણીનો ભરાવો થતા દર્દીઓ અને તેમના સગાવ્હાલાઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. વહેલી સવારથી શરૂ થયેલા ધોધમાર વરસાદ વચ્ચે પણ સુરતમાં ગણેશભકતોએ એટલા જ ભકિતભાવ અને હર્ષોલ્લાસ સાથે ગણેશ વિસર્જન કર્યુ હતું.

## અમદાવાદમાં ખાડા-ભુવાનું સામ્રાજય

### પૂર્વ પ્રધાન જાડેજાએ ગંભીર નારાજગી સાથે ટ્વિટ કરીને જણાવ્યું કે, શું ઔડાના અધિકારી આ રોડ ઉપર ચાલશે?

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,**

નવા મોટર વ્હીકલ હેઠળ વાહન ચાલકો પાસેથી મસમોટા દંડ વસૂલવામાં આવી રહ્યા છે, જેની સામે હાલ પ્રજામાં સોશિયલ મીડિયામાં ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે. કારણ કે, એકબાજુ, અમદાવાદમાં રોડ અને રસ્તાઓની હાલત અત્યંત ખરાબ અને બિસ્માર હોઈ નાગરિકોમાં ભારોભાર રોષની લાગણી ફેલાઈ છે. નાગરિકો રોડ ટેકસ સહિતના વેરાઓ ભરતા હોવાછતાં તેમને કોઈ સુવિધા અપાતી નથી અને ઉલ્ટાનું ટ્રાફિક નિયમોના ઓઠા હેઠળ તેમના ખિસ્સા ખંખેરવાની જે વાતો અમલી બની રહી છે, તેને લઈ નગરજનોમાં ઉગ્ર આક્રોશ ફેલાયો છે.

તાજેતરના વરસાદ બાદ અમદાવાદ શહેરના મોટાભાગના રસ્તાઓનું ધોવાણ થઈ ગયુ છે, તો કેટલાક વિસ્તારોમાં બહુ ખરાબ રીતે રોડ તૂટી ગયા છે, ખાડ પડી ગયા છે અને કયાંક તો વળી, મોટા-મોટા ભુવા પડી ગયા છે. આ સંજોગોમાં શહેરમાં જાણે કે, ખાડાઓ અને ભુવાનું સામ્રાજય છવાયુ હોય તેવો ઘાટ સર્જાયો છે ત્યારે ભાજપના નેતા આઈ.કે.જાડેજાને પણ અમદાવાદના બિસ્માર અને તૂટેલા-ખાડા-ખૈય્યાવાળા રસ્તાનો કડવો અનુભવ થતાં તેમણે ટવીટ્ કરી આ અંગે ગંભીર નારાજગી વ્યકત કરી હતી.

ભાજપના સિનિયર નેતા અને પૂર્વ મંત્રી આઈ.કે.જાડેજાએ ટવીટ્ કરી ઔડા સત્તાધીશો અને કોન્ટ્રાકટરની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. જાડેજાએ જણાવ્યું હતું કે, અમદાવાદના બોપલ બ્રીજથી શાંતિપુરા ચોકડી સુધીનો રસ્તો અત્યંત બિસ્માર હાલતમાં છે, ઔડાના અધિકારીઓ આ રોડ પર ચાલશે ? શું ઓવરબ્રીજનું કામ કરી રહેલા કોન્ટ્રાકટરો ની કોઈ જ જવાબદારી ઉપસ્થિત નથી થતી ? અઢી મહિના પહેલાં જ બોપલને સમાંતર રિંગ રોડથી વાયએમસીએ કલબ સામેના રોડ સુધી મેગા લાઈન નંખાઈ હતી. રોડની બંને તરફ આ કામગીરી પછી માત્ર કપચીનું પુરાણ કરાયું હતું. પરંતુ શહેરમાં પડેલા ધોધમાર વરસાદથી આખો રોડ બિસ્માર થઈ ગયો છે.

આ રોડ બેસી જવાની ભીતિ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન જાણતી હોવા છતાં યોગ્ય પેચવર્ક કરાયું ન હતું. ત્યાર બાદ માત્ર કપચી પુરાણ કરીને રોડ ફરી શરૂ કરાયો છે. આ તો, માત્ર બોપલ વિસ્તારની વાત થઈ પરંતુ વાસ્તવમાં અમદાવાદના કેટલાક વિસ્તારોમાં કયાંક ને કયાંક આ જ પ્રકારની હાલત છે. બિસ્માર અને ખાડા-ખૈય્યાવાળા અને ધોવાઈ ગયેલા રોડ-રસ્તાઓના કારણે ઘણીવાર ગંભીર અકસ્માત અને દુર્ઘટનાના કિસ્સા પણ સામે આવતાં હોય છે પરંતુ અમ્યુકો સત્તાધીશો સહિતના નઘરોળ તંત્ર દ્વારા પ્રમાણિકપણે કોઈપણ પ્રકારના પગલાં લેવાતા નથી.

## નર્મદાની સપાટી ૧૩૭.૦૮ મીટરે પહોંચતાં તંત્ર એલર્ટ

### ભરૂચના કાંઠા વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર

### ડેમથી પાણી છોડાતા નર્મદા નદીમાં પૂરની સ્થિતિ : ભરૂચ અને નર્મદા જિલ્લાના ૧૪૪ ગામડાઓ પર સંકટ યથાવત

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,**

સરદાર સરોવર ડેમના ઉપરવાસમાંથી મોટી માત્રામાં પાણીની આવકને પગલે નર્મદા નદીમાં સતત પાણી છોડવામાં આવી રહ્યું છે. જેને પગલે ભરૂચ અને નર્મદા જિલ્લાના ૧૪૪ જેટલા ગામો પર સકંટ સર્જાયુ છે. ભરૂચ શહેરના નીચાણવાળા વિસ્તારો અને આસપાસના ગામડાઓની સ્થિતિ વધારે ખરાબ થઇ ગઇ છે. અત્યાર સુધીમાં પાંચ હજાર જેટલા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે અને ગોલ્ડન બ્રિજની સપાટી હજુ ૩૧.૨૫ ફૂટે સ્થિર છે. જેને લઈને હજુ પૂરનું સકંટ યથાવત છે. જેથી તંત્ર અને સ્થાનિક લોકો ચિંતામાં મૂકાયા છે.

બીજીબાજુ, નર્મદા ડેમની સપાટી સૌપ્રથમવાર ૧૩૭.૦૮ મટરથી ઉપર પહોંચતાં તંત્ર એલર્ટ થઇ ગયુ છે. નર્મદા ડેમના ઉપરવાસમાંથી હાલ ૭.૯૨ લાખ ક્યૂસેક પાણીની આવક થઇ રહી છે, જેને પગલે નર્મદા ડેમની સપાટી વધીને ૧૩૭.૦૮ મીટરે પહોંચી ગઇ છે. હાલ નર્મદા ડેમના ૨૪ દરવાજા ૪.૧૫ મીટર સુધી ખોલીને ૭.૬૨ લાખ ક્યૂસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે. જેને પગલે નર્મદા નદી બે કાંઠે વહી રહી છે. અને નર્મદા અને ભરૂચ જિલ્લાના કાંઠા વિસ્તારોમાં સંકટ ઉભુ થયું છે. જેથી કાંઠા વિસ્તારોના ગામોમાં પાણી ઘૂસી ગયા છે. જેને પગલે લોકો હાલ મુશ્કેલીમાં મૂકાઇ ગયા છે. સરદાર સરોવર નર્મદા ડેમમાંથી છોડાયેલાં પાણીના કારણે નર્મદા નદી ૩૧.૨૫ ફૂટે વહી રહી છે. જેના કારણે નદીના પ્રવાહે તારાજી સર્જવાનું શરૂ કરી દીધું છે. ભરૂચ જિલ્લાના ઝઘડિયા, અંક્લેશ્વર તેમજ ભરૂચ તાલુકાના નર્મદા કાંઠાના ગામો તેમજ ભરૂચ શહેરના નીચાણવાળા વિસ્તારો પુરથી પ્રભાવિત થતાં બે દિવસમાં પાંચ હજાર લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. કેવડિયાનો ગોરા બ્રિજ પર પાણી ફરી વળતા હાલ વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. અને ડેમમાં હાલ ૫૩૦૦ એમસીએમ લાઈવ સ્ટોરેજ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

## સરકારી વાહનમાં ૩ પોલીસ કર્મી જુગાર રમતા પકડાયા

### કંટ્રોલ રૂમમાં જુગાર અંગેની માહિતી અપાતાં રેડ કરાઇ : પોલીસ કર્મીઓને રાતોરાત જામીન મળી ગયા

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,**

શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલા પોલીસ હેડકવાર્ટરમાં ડીસીપીના જૂના બંગલા પાસે સરકારી વાહનમાં બેસી જુગાર રમતા ત્રણ પોલીસ કર્મીઓની માધુપુરા પોલીસે ધરપકડ કરતાં ભારે ચકચાર મચી ગઈ હતી. જો કે, પોલીસની આ રેડ દરમ્યાન એક શખ્સ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે પકડાયેલા પોલીસ કર્મીઓ પાસેથી રોકડ રૂ. ૧૪૦૦૦ કબ્જે કર્યા હતા. જો કે, પોલીસ કર્મીઓ જુગાર રમતાં રંગેહાથ ઝડપાતાં પોલીસ બેડામાં પણ ભારે ચર્ચા ચાલી હતી.

નોંધનીય વાત તો એ હતી કે, પકડાયેલા ત્રણેય પોલીસ કર્મીઓને રાતોરાત જામીન પર છોડી દેવામાં આવ્યા હતા. મહત્વની વાત એ છે કે, જુગાર, દારૂ કે અન્ય ગુનાઓમાં જ્યારે પોલીસ સામાન્ય જનતાને પકડતી હોય છે ત્યારે જાણે કે આતંકવાદીઓ ને પકડ્યા હોય તેમ મુદ્દામાલ સાથે આરોપીઓ સાથે તસવીરો ખેંચાવે છે અને વીડિયો ઉતારે છે. પરંતુ જ્યારે આવા જ ગુનાઓમાં કોઈ પોલીસ કર્મી સંડોવાયેલો હોય છે ત્યારે બંધ બારણે કાર્યવાહી કરવામાં આવે છે. અહીં પોલીસે મુદ્દામાલ પણ જપ્ત નથી કર્યો, તેને લઈને હવે સવાલો ઉઠી રહ્યા છે.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ગઈકાલે સાંજે પોલીસ કંટ્રોલરૂમમાં મેસેજ મળ્યો હતો કે, શાહીબાગ હેડક્વાર્ટરમાં જુના ડીસીપી બંગલા પાસે કારમાં કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. જેના આધારે માધુપુરા પોલીસે દરોડો પાડી સરકારી ગાડીમાં જુગાર રમતાં વખતસિંહ પરમાર, તલસી પટેલ (બંને. રહે. પોલીસ હેડક્વાર્ટર, નવા ત્રણ માળીયા) અને ભીખુ રાવળ (રહે. કેશવનગર )ની ધરપકડ કરી હતી. જ્યારે એક શખ્સ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ત્રણેય પાસેથી રોકડ રૂ. ૧૪૦૦૦ મળી આવી હતી. આરોપી પોલીસકર્મીઓ હેડક્વાર્ટર જ આવેલા જુના વાહનોમાં બેસી જુગારની પ્રવૃત્તિ કરતા હતા. સામાન્ય માણસના લાખો રૂપિયાના વાહન જપ્ત કરી લેતી પોલીસ પોતાના વાહન માટે રિપોર્ટ મંગાવે છે. મુદ્દામાલ તરીકે અન્યના વાહનો પોલીસ જપ્ત કરે છે ત્યારે પોલીસનું વાહન હોવાથી આબરૂ બચાવવા માટે પ્રયાસ કરતા હોય તેમ માધુપુરા પોલીસ સ્ટેશનના પીઆઈ વી. એન. રબારીએ જણાવ્યું હતું કે, સરકારી વાહનમાં જુગાર રમતા હતા. જે વાહન બાબતે એમ.ટી. વિભાગમાંથી માહિતી મેળવી તપાસ કરવામાં આવશે.

## ''જેટ''ની મદદ માટે ૩૪ ટોઈંગ ક્રેન ભાડે લેવાશે

**(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ,**

રાજયમાં ૧૬ સપ્ટેમ્બરથી ટ્રાફિકના નવા નિયમો અને દંડનો અમલ થઈ રહયો છે. કેન્દ્ર સરકારે સુચવેલ દંડની રકમમાં ફેરફાર કર્યા વિના રાજય સરકારે માંડવાળની રકમમાં નાગરીકોને રાહત આપી છે. કેન્દ્ર સરકારે સુચવેલ ટ્રાફિક ગુનાઓમાં ગેરકાયદેસર પાર્કીંગ કે અડચણરૂપ થાય તેવા પાર્કીંગના દંડની રકમ રાજય સરકારે યથાવત રાખી છે.

શહેરની ટ્રાફિક અને પાર્કીંગ સમસ્યાને હળવી કરવા માટે મનપા પણ મકકમ છે. વિશ્વ પર્યાવરણ દિવસથી શરૂ કરવામાં આવેલ ''જેટ''ને અડચણરૂપ પાર્કીંગ સામે કાર્યવાહી કરવા માટે મ્યુનિ.કમીશ્નરે ખાસ તાકીદ કરી હતી. ''જેટ''ની મદદ માટે વાહનો ટોઈંગ કરવા માટે ભાડેથી ક્રેઈનો લેવા માટે પણ નિર્ણય કરવામાં આવ્યો છે. અમદાવાદને ખરા અર્થમાં ''સ્માર્ટ'' બનાવવા માટે મ્યુનિ. કોર્પોરેશન અને પોલીસ વિભાગે સંયુકતપણે ''જેટ''ની રચના કરી છે. જેમાં આરોગ્ય સ્વચ્છતા અને ટ્રાફિક ના નિયમોનો ભંગ કરનારને સ્થળ પર દંડ કરવામાં આવે છે. ''જેટ''ની સઘન ઝુંબેશ બાદ પણ પાર્કીંગ સમસ્યા હળવી થઈ નથી. તથા નાગરીકો દ્વારા અડચણરૂપ થાય તે રીતે વાહનો પાર્ક થતા હોવાની ફરીયાદો મોટાપાયે બહાર આવી રહી છે. મ્યુનિ. કમીશ્નરના અધ્યક્ષસ્થાને મળતી રીવ્યુ મીટીંગમાં દબાણ અને પાર્કીંગ મુદ્દે સઘન ચર્ચા થઈ હતી. મ્યુનિ. કમીશ્નરે ''જોઈન્ટ એન્ફોર્સમેન્ટ ટીમ'' ને આ બંને મુદ્દે વધુ ધ્યાન આપવા તાકીદ કરી હતી. ખાસ કરીને અડચણરૂપ પાર્કીંગ સામે કડક કાર્યવાહી કરવા ખાસ સુચના આપવામાં આવી હતી. દરમ્યાન સરકારે જાહેર કરેલ ટ્રાફિક દંડના નવા કાયદામાં પણ અડચણરૂપ પાર્કીંગ બદલ રૂા.૫૦૦ દંડની જોગવાઈ રાખી છે. કેન્દ્ર અને રાજય સરકારની જાહેરાત બાદ પાર્કીંગ મુદ્દે સઘન ઝુંબેશ શરૂ કરવા પોલીસ અને મ્યુનિ.કોર્પોરેશન કટીબધ્ધ છે. તેથી ''જેટ''ની મદદમાટે ટોઈંગ ક્રેઈન ભાડેથી લેવામાં આવશે. ''જેટ'' વોર્ડ દીઠ કામ કરે છે. તેથી ૪૮ વોર્ડ દીઠ ૪૮ ટોઈંગ ક્રેઈન ઉપલબ્ધ થાય તેવો નિર્ણય કરવામાં આવ્યો છે. તેથી મનપા દ્વારા વધુ ૩૪ ક્રેઈન ભાડેથી લેવામાં આવશે. ટુ-વ્હીલર માટે ૨૦ અને ફોર વ્હીલર માટે ૧૪ ક્રેઈન ભાડે લેવામાં આવશે.

## નંબર પ્લેટ વગરની કાર રોકતાં ત્રણ શખ્સોએ બે LRD જવાનને માર્યા

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

રૂપાલી સિનેમા નજીકથી નંબર પ્લેટ વગરની કાર પસાર થતાં એલઆરડી જવાનને જોઈ ચાલકે કાર ભગાવતા જવાને ફિલ્મી ઢબે પીછો કર્યો હતો એલીસબ્રીજ નજીક કાર રોકતા તેમાંથી ઉતરેલા ત્રણ શખ્સોએ બે એલઆરડી જવાનો સાથે જાહેરમાં મારામારી કરતાં બપોરના સુમારે લોકોની ભીડ એકઠી થઈ હતી દરમિયાન પોલીસ આવતા ત્રણેયને લઈને લોકઅપ ભેગા કર્યા હતા. ઈ ડીવીઝન ટ્રાફીકમાં કાર્યરત ભરતભાઈ ગત રોજ સીદી સૈયદની જાળી નજીક ફરજમાં હતા ત્યારે સાડા ત્રણ વાગ્યે એક નંબર પ્લેટ વગરની શંકાસ્પદ કાર દેખાતા તેમણે રોકવાનો ઈશારો કરતા ચાલકે કાર ભગાવી મુકી હતી જેથી ભરતભાઈ તેમના સહકર્મી સાગરભાઈને લઈ કારનો પીછો કરતાં કાર ચાલકને એલિસબ્રીજ પોલીસ સ્ટેશન સામે જ આંતરી લીધો હતો કારમાંથી ત્રણ શખ્સોએ ઉતરીને ભરતભાઈ તથા સાગરભાઈને ગાળો બોલી સસ્પેન્ડ કરવાની ધમકીઓ આપ્યા બાદ તેમની સાથે મારામારી કરતાં રાહદારીઓ પણ ચોંકયા હતા બંને એલઆરડી જવાનોની વર્દી પણ ફાટી હતી દરમિયાન પોલીસની ગાડી આવતા ત્રણેય શખ્સોને લઈ એલીસબ્રીજ પોલીસ સ્ટેશને પહોચ્યા બા દતેમના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્રણેય શખ્સોના નામ અવકાશ માલાણી, વીરેન તથા પ્રશાંત હોવાનું બહાર આવ્યું છે.

## ટ્રાફિક નિયમોની અમલવારી માટે વધુ સમય આપવા માંગ

### પીયુસી, લાઇસન્સ, આરસી બુક, ઇન્શ્યોરન્સના દસ્તાવેજો પૂર્ણ કરવા પૂરતો સમય આપવા સરકારને અનુરોધ

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,**

કેન્દ્ર સરકારના મોટર વ્હીકલ એકટની નવી જોગવાઈઓ અને દંડના નવા નિયમોમાં આંશિક ઘટાડા સાથે ગુજરાત રાજયમાં તા.૧૬મી સપ્ટેમ્બરથી અમલવારી કરવાની રાજય સરકાર દ્વારા કરાયેલી જાહેરાત બાદ હવે અમદાવાદ શહેર સહિત રાજયભરના પ્રજાજનોમાં એક પ્રકારનો આંતરિક રોષ ભભૂકી ઉઠયો છે. કારણ કે, નાગરિકોને પીયુસી, લાઈસન્સ, આરસી બુક કે ઈન્શ્યોરન્સ સહિતના દસ્તાવેજો પરિપૂર્ણ કરવા માટેનો પૂરતો સમય પણ આપવામાં આવ્યો નથી અને તેના કારણે પીયુસી સેન્ટરો, આરટીઓ કચેરી સહિતના સ્થળોએ નાગરિકોની લાંબી લાંબી લાઈનો નજરે પડી રહી છે અને લોકો કલાકો સુધી લાઈનમાં ઉભા રહી બહુ ભયંકર હાલાકી અને માનસિક ત્રાસનો ભોગ બનવા માટે જાણે મજબૂર બન્યા છે.

કેટલાક સિનિયર સીટીઝન્સ સહિતના નાગરિકોએ તો આજે કલાકો સુધી લાઈનમાં ઉભા રહી વેઠેલી ભયંકર હાલાકી બાદ સરકારના તઘલખી ફરમાન પરત્વે આક્રોશ અને બળાપો ઠાલવતાં જણાવ્યું હતું કે, આટલા મોટા અને રાષ્ટ્રવ્યાપી નિર્ણયની અમલવારી કરવાની હોય તો નાગરિકોને પૂરતો સમય તો આપવો પડે ને..માત્ર-બે ચાર દિવસમાં અચાનક આટલા મોટા નિર્ણયની અમલવારી કેવી રીતે થઈ શકે?

વાસ્તવમાં કોઈપણ કાયદો કે નિયમો નાગરિકોની સુખાકારી અને સાનુકૂળતા માટે હોય છે, નહી કે, જાહેરજનતાને હેરાન કરવા કે હાલાકી ભોગવવા માટે મજબૂર કરવા માટે.

સરકારે ખરેખર તો, ગંભીરતા દાખવી અને પુખ્ત વિચારણા કરી ટ્રાફિકના નવા નિયમોની અમલવારી માટે પૂરતો સમય આપવો જોઈએ અને ત્યારબાદ તેની અમલવારી કરવી જોઈએ. ત્યાં સુધી આ નવા નિયમોની અમલવારી મોકૂફ રાખવી જોઈએ. કેટલાક નાગરિકોએ વ્યવહારૂ વાત કરતાં જણાવ્યું હતું કે, ટ્રાફિકના નવા નિયમોની તાત્કાલિક અમલવારી આ પ્રકારે શકય જ નથી. આ તો માત્ર પ્રજાને હેરાન કરવાની અને તેમને ડરાવવાની વાત છે, બીજુ કંઇ નહી. દંડના નામે સરકાર કરોડો-અબજો રૂપિયા સરકારની તિજોરીમાં ભરવા માંગે છે પરંતુ નાના ગરીબ અને મધ્યમ વર્ગના માણસો માટે દંડની આ રકમ આખો મહિનો તેમનું ભરણપોષણ કે બાળકોનું ગુજરાન થઈ જાય એટલી છે.

સરકારે ખરેખર આ મામલે ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ કારણ કે, આમાં લાખો પ્રજાજનો હાય લેવાની વાત છે સરકાર માટે. વળી, જો આ અમલવારી કરવી પણ હોય તો તે માટે સરકારે લોકોને પૂરતો સમય આપવો પડે. એટલા માટે, કે કોઈના લાઈસન્સની મુદત પૂરી થતી હોય, ઈન્શ્યોરન્સની તારીખ પતતી હોય કે, પીયુસી અને આરસી બુકને લઈ કોઈ પ્રશ્ન કે સમસ્યા હોય તો તેના નિવારણ કે નવી કઢાવવા માટે પણ સમય તો જોઈએ ને.. રાજય સરકારના આ પ્રકારે અચાનક તા.૧૬મીથી અમલવારીના તઘલખી ફરમાનથી અત્યારે પીયુસી સેન્ટરો, આરટીઓ કચેરીઓ, વીમાકંપનીઓ સહિતના સ્થળોએ નાગિરકોને લાંબી લાંબી લાઈનો લગાવવાની ફરજ પડી છે. રોજબરોજના ઘરના કે નોકરી કે ધંધા-રોજગાના કામો છોડી નિર્દોષ નાગરિકોને બહુ ભયંકર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જે બિલકુલ યોગ્ય કે વાજબી ના કહી શકાય. આ સમગ્ર વાતમાં નિર્દોષ નાગરિકોના બંધારણીય અધિકારના હનની પણ વાત આવે છે, તેથી રાજય સરકારે તાત્કાલિક ધોરણે આ નવા નિયમોની અમલવારી હાલ પૂરતી મોકૂફ રાખી, તેના માટે બે-ચાર મહિના જેટલો પૂરતો સમય આપવાની જાહેરાત કરવી જોઈએ કે જેથી જાહેરજનતામાં ઉઠેલો ઉહાપોહ અને ડરનો એક માહોલ છે, તે શાંત થાય.

## સ્વામિનારાયણ સંપ્રદાયે આપેલ એવોર્ડ કલાકારોએ પરત કર્યા

**અમદાવાદ,**

નિલકંઠવર્ણી વિવાદ રાજ્યભરમાં ચર્ચાસ્પદ બન્યો હતો અને તાજેતરના સમાધાન બાદ આ વિવાદનો અંત આવ્યો હતો. પરંતુ મોરારિ બાપુના સમર્થનમાં હાસ્ય કલાકાર માયાભાઈ આહિરે સોશિયલ મીડિયામાં વીડિયો વાઈરલ કર્યો હતો ત્યારે આજે સ્વામિનારાયણ સંપ્રદાય તરફથી મળેલો રત્નાકર એવોર્ડ માયાભાઈએ પરત કરી દીધો છે. આ સાથે કટાર લેખક જય વસાવડાએ પણ પોતાને મળેલો એવોર્ડ પરત કર્યો છે. તો, અનુભા ગઢવીએ પણ એવોર્ડ પરત કરી દેતાં હવે કલાકારો અને સાહિત્યજગતમાં ભારે ચકચાર મચી ગઈ છે. આમ સાહિત્યકારો, પત્રકારો, લેખકો, કલાકારોને એવોર્ડ આપીને ખુશ કરવાની જે પરંપરા છેલ્લા એક દાયકાથી શરૂ થઈ છે, તેનો રિવર્સ ટ્રેન્ડ શરૂ થઈ ગયો હોય તેવું ચિત્ર આજે સામે આવ્યું હતું. માયાભાઈ આહિરે જણાવ્યું હતું કે, એક બગસરાના સ્વામી વિવેક સ્વામીનું નિવેદન સાંભળ્યું હતું કે કલાકારોને મેં જાણી જોઈને નથી કહ્યું પરંતુ આ સાધુના મોઢે સારૂ ન લાગે સ્વામી. તમે જાહેરમાં કલાકાર માટે નિવેદન આપ્યું છે તે તમે જુઠુ બોલોમાં પાછું તમારે કલાકાર પ્રત્યે ભાવ હોય તો સરધારમાં અમે કલાકારોને રત્નાકર તરીકે સન્માન કર્યું. પરંતુ ગણ માટે ગવાય નહીં. અમે આ રત્નાકર એવોર્ડ પરત કરીએ છીએ. જય વસાવડાએ ફેસબુક પેજ પર પોસ્ટ કરી છે. જેમાં તેઓએ જણાવ્યું છે કે, પ્રિય મોરારિબાપુ, સ્વામીનારાયણ સંપ્રદાય અને નીલકંઠ વિવાદ બાબતે મારે જે કહેવાનું હતું એ તો સ્પષ્ટ ઓલમોસ્ટ અઠવાડિયા અગાઉ જ કહ્યું છે. પહેલ કરીએ કે એમાં બાપુ સાચા છે. કાલકૂટ વિષ પીને પણ એને પેટમાં નાખી પોતાના ભીતર નુકસાન ન થવા દે, બહાર કાઢી જગતને નુકસાન ન થવા દે એમ ધારણ કરવાથી જેનું ગળું ભૂરું થયું એ શબ્દશઃ બધા બાપના બાપ એવા ભોળાનાથ દાદા નીલકંઠ. સમુદ્રમંથનની એ સિમ્બોલિક કથા વિશ્વવ્યાપી છે. થાઈલેન્ડના સ્વર્ણભૂમિ એરપોર્ટ પર પણ એનું ભવ્ય શિલ્પ છે. વાત તરીકે એ સદીઓ જૂની છે અને નીલકંઠ શબ્દ સાથે મૂળ આસ્થા સનાતન ગણાતા ભારતની શિવ માટે જ હોય, જેનો તદન મફ્તમાં ઘરની ટબૂડીમાં જળ ભરીનેય ગમે ત્યારે કોઈ પણ શિવમંદિરે જેણે શ્રદ્ધા હોય એ અભિષેક કરે એ પરંપરા પણ પ્રાચીન છે. બાપુ એમની સહજ હળવાશ સાથે, એમની સ્પેસમાં એ ભારતીય દર્શનમાં આદિઅનાદિ રૂપે સહુના બાપ ગણાતા, સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં પણ રુદ્ર રૂપે નિરુપિત સનાતન મહાદેવ બાબતે જ આસ્થા દ્રઢ કરે તો એમાં કશું જ ખોટું નથી.

**માયાભાઇ આહિર, અનુભા ગઢવી અને કટાર લેખક જય વસાવડાએ પોતાને મળેલા એવોર્ડ પરત કરતાં ભારે ચકચાર**